# વામનકદનાં માનવી નું વીરાટ પગલું

પતિત પાવન ઉતર વહિનિ મા નર્મદા ના કિનરે વસેલુ ખોબા જેવડુ નાનકડુ ગામ માંગરોલ . મોટા ભાગે પટેલ , રાજ્પુત અને આભસિ ઘર પિતા જેઠલાલ ગામમા એક નાનકડિ હાટડી ચલવતા હતા માતા શાન્તાબેન ની કૂખે તા – ૧૨/૦૭/૧૯૬૫ રોજ આ વામન વ્યતિત્વ નુ અવતરણ થયુ. બિજા એક નાનાભાઇ હતા. આમ, ચાર વ્યક્તિ નુ નાનકાડો પરીવાર અસાધારાણ જીવન જીવતો હતો. અને માનમા ભારેભાર એક વસવસો પણ રહેતો કે મો ટુ બાળક જનમ તા ની સાથે દુબલુ પાટલું અને કદ વિહોણુ વિચિત્ર લાગે એવુ આ એના જીવન માં શું કરશે .ઘરના સૌની સામે આ સાવાલ હાતો. પરંતુ આપણે જણી એ છિએ તે મુજબ દરેક વ્યક્તિ પોતાનું નશિબ લઇનેજ જન્મે છે. તે હિસાબે ઘર માં બન્ને બાળકો નાં ટુકી આવક માં ઉછેર થયો હતો. પ્રાથ્મીક શિક્ષણ વતન માંગરોલ માં લિધું હતું. અને મધ્યમિક શિક્ષણ વડોદરા મામાને ત્યાં રહિને ધોરણ ૧૦ સુધીનો અભય્સ કર્યો હતો. આગળ ભણવાની ઇચ્છા હોવા છતાં પોતની શારીરિક મજબુરી ને કારને આગળ વધી શક્યા નહિ અને નાનાપણ વીજ પિતૃક વ્યસાય નાની દુકાન ચલાવવામાં પિ તા જી ને માદદ રુપ થતાં.

આવા મહેન્દ્ર ભાઈને નાનપણથી જ ગીત ગાવાનો શોખ હતો જે શોખ સમય જતા તેમનો વ્યવસાય બની ગયો.અને ગુજરાતમાં લોક ડાયરામાં એક હાસ્ય કલાકાર તરીકેનું પોતાનું સ્થાન મજબૂત કરી લીધું . સાડા ત્રણ ફૂટ ના આ વામન માનવીને મેનાજ લોક ડાયરા લોક ડાયરામાં લોકોને ભરપૂર મનોરંજન મળતું હતું સાથો સાથ લોકગીતોની પણ રમઝટ બોલાવતા હતા પરંતુ ઘણીવાર મક્કમ મનોબળ ધરાવનાર આ મહેન્દ્ર ભાઈને એમના શરીરે સાથ આપ્યો ન હતો બાળપણથી જ કેલ્શિયમની કમીને કારણે વારંવાર એમના હાથ પગ ભાંગ્યા હતા આવી રાજકીય શારીરિક રચના હોવા છતાં પછી પોતાના શોખ ને જીવંત રાખ્યો હતો વિનાના ઘરે મદદ કરવાની સાથે સાથે ગુજરાતમાં ગમે ત્યાં લોક ડાયરામાં જવાનું અને એ રીતે ધીમે ધીમે એમની પ્રસિદ્ધ પ્રસિદ્ધિ વધતી ગઈ પરંતુ પોતાની નાની કાયા ને કારણે દાંપત્યજીવનમાં મંડાણ ખૂબ મોટી થયા અને એક સુશીલ સંસારી પ્રતિવતા અને અલ્પ શિક્ષિત એવી નારી લક્ષ્મીબેન સાથે લગ્ન થયા બંને કદમાં ફેરફાર હોવા છતાં વિચારોને એકતાને કારણે એક સુખદ અને સફળતા પણ ત્યાં જીવન જીવી રહ્યા છે

કંઠે સરસ્વતી નો વાસ અને ઘરમાં લક્ષ્મી આવવાની ઘરની પરિસ્થિતિમાં પણ સુધાર થવા લાગ્યો વેપાર વિકાસવા લાગ્યો અને લક્ષ્મી અને સરસ્વતી ના સંગમે મહેન્દ્રભાઈ ને ત્યાં લક્ષ્મીબેન ને કુકેસમાય અંતરે બે દીકરીઓનો જન્મ થયો. અને કહેવત છે કે કુવામાં હોય તે દુવાડામાં આવે હવે પિતાનું સ્થાન બંને દીકરીઓએ લીધું અને ગુજરાતના લોક ડાયરામાં પિતા થી સવાયું નામ કમાય બંનેને ગાવાનો ભારે શોખ એ પછી લોક સંગીતનો કાર્યક્રમ હોય કે નવરાત્રીમાં ગરબાના કાર્યક્રમ હોય પરંતુ પોતાના કોકીલ કંઠથી બંને દીકરીઓ લોકોમાં ભારે આદરપૂર્વક માન મેળવ્યું છે.

મહેન્દ્રભાઈએ લગભગ પોતાની ૪૫ વર્ષની વયે માતા પિતાનું છત્ર ગુમાવી દીધું હતું દીકરીઓને પણ સારા ઘરે પ રણવી દીધી હતી. હવે પતિ પત્ની બે એકલા જ ઘરમાં રહેતા હતા. ત્યારે મનમાં વિચાર આવ્યો લોક સેવા. છેલ્લાં ૧૫ વર્ષથી લોકસેવની ધૂણી ધખાવીને બેઠેલા મહેન્દ્રભાઈ અચાનક વ્રત પાડીને આજે પણ તેમાં પ્રવૃત્તિ છે. એટલે એમને જીવનને સતત ચેતન હેતુ અને પ્રગતિશીલ રાખ્યું છે તેથી જ તેમને પોતાની શારીરિક સ્ટ્રથી ની ઉણપ વર્તાતી નથી.

માનનીય વડાપ્રધાન શ્રી ની પર્યાવરણ જાગૃતિ , સ્વચ્છતા અભિયાન મતદાર જાગૃતિ, બેટી બચાવો બેટી પઢાવો જેવી લોકલ સમગ્ર દેશમાં કરી હતી એનો સૌથી વધારે ઉપયોગ જો કોઈએ કર્યો હોય તો તે મહેન્દ્ર મહેન્દ્રભાઈએ નાનપણથી જ તેઓ પ્રકૃતિ પ્રેમી હતા તેથી સમાજમાં જાગૃતતા લાવવા તેમણે પોતાના પૈસે કાપડ ની થેલીઓ બનાવડાવી અને આ બધા જનજાગૃતિના ક્ષ્લોગનોં છપાવ્યો અને ત્યારબાદ પોતાની નાની ગાડી લઈને નીકળી પડે રાજપીપળા ના માર્ગો પર , શાકમાર્કેટ સ્કૂલોમાં અને જે મળે તેમને મફતમાં આ થેલીનું વિતરણ કરે અને આ રીતે મોદી સાહેબના સ્થાનને સાકર કરવા આ સેવા જેવા ભવી વ્યક્તિ ત્રણ ત્રણ મહેનત કરતી અને તેમાં સારામાં સારા પરિવાર પરિણામો સમાજમાં આવ્યા વ્યસન મુક્તિ માટેના ઝુંબેશ સૌપ્રથમ પોતાના ઘરેથી જ કરી અને પોતાની કર્યાની દુકાનમાં કોઈ પણ વ્યસન કરનારી વસ્તુઓને વેપાર બંધ કરી દી ધો. અને જ્યારે પણ સમય મળે તો લોકોને મોદી ચિંતા માર્ગે મળવાનો પ્રયત્ન કરતા હતા. કોરોના જાગૃતિ કાળમાં પણ તેમને કામગીરી બમણી હતી ગાયના તેમ જ આજુબાજુના ઘણા લોકોએ તેમને અનાજ પાણી નિશુલ્ક આપી એવા પરિણામો પ્રત્યે તેમને દુઃખ-દર્દી બતાવી હતી. ત્યારબાદ

પર્યાવરણના જતન માટે વિવિધ વિસ્તારોમાં તેમને વૃક્ષારોપણ કરાવ્યું હતું અને લોકોને તેની સમજ પણ આપી હતી

ગરીબ આદિવાસી પ્રજાનો મોટેભાગે મોટો ભાગ આ વિસ્તારમાં રહે છે. ભારે ઉનાળામાં આવા પરિવારના બાળકોને આ વિસ્તારને ઘણી બધી સ્કૂલોમાં જઈ પગારમાં યુનિફોર્મ તથા નોટબુક નિશુલ્ક વિતરણ કરી એક શનિષ્ઠ સામાજિક કાર્યકરની છાપ ઊભી કરી પગ રખાંની પરબ તરીકે જાણીતા થયેલા મહેન્દ્રભાઈ એ કાપડની થેલી પર પર્યાવરણ જાગૃતિ વ્યસન મુક્તિ , સ્વચ્છતા અભિયાન બેટી બચાવો બેટી પઢાઓ જીતશે ગુજરાત હારશે કોરોના મતદાન જાગૃતિ સ્ત્રી ભ્રુણ હત્યાના વિવિધ સંભોગની છપાવી ગામડે ગામડે જઈ લોકો સુધી આ બધું પહોંચાડવાનું સાથે સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને મોગરોલ ગામના મહિનામાં થતી પરિક્રમા આવનાર લોકોને સ્વચ્છતા અભિયાન માટે થયેલી વિતરણ કરી લોકોને સ્વચ્છતા ના પાઠ શીખવતા હતા. તો આવી વિવિધ પ્રકારની સામાજિક જવાબદારીઓ તેમને સ્વખર્ચે નિષ્ઠાપૂર્વક કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના નિરપેક્ષ રહીને પરત છે. તેમને કોઈની પણ પાસે સેવા કરવા માટે હાથ લંબાવ્યા નથી. પોતાની દુકાનમાંથી જે નફો મળે અને મહેન્દ્ર ભાઈને ગાયિકા ઓમાંથી જે રકમ મળે તે સમાજ સેવા વાપરી નાખતા હતા.

તો આવા મહેન્દ્રભાઈ માટે આપણે ચોક્કસ એટલું તો કહી શકિયે કે 32 લક્ષણો વાળી વ્યક્તિ હજી સુધી જોવા તો મળી નથી પણ સેવાભાવી માનવતાવાદી મહેન્દ્રભાઈની અંદર એટલા બધા સદગુણો ભરેલા છે કે કદાચ એનો સરવાળો કરવામાં આવે તો 32 લક્ષણો કરતા પણ એમના સદગુણો વધી જાય એમાં અતિશય યોગતી નથી.

મહેન્દ્રભાઈની આ નિસ્વાર્થ સેવાના કારણે નર્મદા જિલ્લામાં એક હાલતી ચાલતી સેવાભાવી સંસ્થા તરીકે મહેતાભાઈને ઓળખવામાં આવે છે એમની આ સેવાની કદર વિવિધ સંસ્થાઓએ કરી તેમને વિવિધ રીતે આપવામાં બિર દવ્યા માં આવ્યા છે. જેમાં જન-કલ્યાણ સેવા ટ્રસ્ટ-રાજપીપળા દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમના સામાજિક કાર્ય બદલ નર્મદા જિલ્લા કલેકટર દ્વારા 26 ઓગસ્ટ 2019 ના રોજ નર્મદા રત્ન નો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. તેમની પગરખાની પરબ માટે નર્મદા ધ્વનિ-સાપ્તાહિક ગુજરાતી ન્યૂઝ પેપર દ્વારા એપ્રિલ 2023 માં યસ સરવીપત્ર આપવામાં આવ્યું હતું. આ સિવાય પણ ઘણી બધી સંસ્થાઓએ અને લોકોએ પણ તેમને તેમના આ કાર્ય બદલ બીર્દાવયા હતા.

આમ એક વામન વ્યક્તિઓનો વિરાટ પગલાંમાં આ બધું સમય જાય છે. એક સનિષ્ઠ સામાજિક કાર્યકર સ્વચ્છતા ના સેનાની પર્યાવરણ પ્રેમી , અધ્યાપક વ્રત ધારી દાનવીર એવા મહેન્દ્ર ભાઈને ભગવાન નિર્ધાર્યું આપી આવજ સેવા કરતાં રહે એવી અંતઃકરણની સૌની લાગણી છે.